# અક્રમ યુથ

ઓગસ્ટ ૨૦૨૧ ગુજરાતી દાદા ભગવાન પરિવાર ₹ 20



# અનુક્રમણિકા


૦૪ ભીષ્મ પ્રતિજ્ઞા

૦૮ અનુભવ

૧૦ બ્રહ્મચર્યનો પ્રતાપ

૧૨ ભીષ્મના ગુરુઓ

૧૪ જ્ઞાની વિથ યુથ

૧૬ નંદિની ગાયની ચોરીનું કર્મફળ

૧૮ પૂર્વજન્મના કર્મો

૨૦ અક્રમપીડિયા

૨૨ Puzzle

૨૩ #કવિતા



વર્ષ: ૯, અંક : ૪
સળંગ અંક : ૧૦૦
ઓગસ્ટ ૨૦૨૧



**સંપર્ક સૂત્ર :**
જ્ઞાનીની છાયામાં,
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઇવે,
મુ.પો. - અડાલજ
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧, ગુજરાત.
ફોન : ૯૩૨૮૬૬૧૧૬૬/૭૭
email: akramyouth@dadabhagwan.org
website: youth.dadabhagwan.org
store.dadabhagwan.org/akram-youth



**તંત્રી - ડિમ્પલ મહેતા**

Printer & Published by
Dimple Mehta on behalf of
Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421.
Taluka & Dist - Gandhinagar

**Owned by :** Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421.
Taluka & Dist - Gandhinagar

**Published at :** Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421.
Taluka & Dist - Gndhinagar

Printed at : Amba Multiprint
B-99, GIDC, Sector-25,
Gandhinagar – 382025. Gujarat.
Total 24 Pages with Cover page

**Subscription**
Yearly Subscription
India :200 Rupees
USA: 15 Dollars
UK: 12 Pounds
5 Years Subscription
India : 800 Rupees
USA: 60 Dollars
UK: 50 Pounds

In India, D.D. / M.O. should be drawn in favour of "Mahavideh Foundation" payable at Ahmedabad.



© 2021, Dada Bhagwan Foundation.
All Rights Reserved



# સંપાદકીય

વ્હાલા મિત્રો,

પ્રાચીન યુગના સુપ્રસિદ્ધ ગ્રંથ મહાભારત અને તેના મહાન પાત્રોથી તો આપણે સૌ સુપરિચિત છીએ જ. મહાભારતની વાર્તા ભીષ્મ પિતામહ, વિદુર, પાંચ પાંડવો, કૌરવો, શ્રીકૃષ્ણ, કર્ણ, આચાર્ય દ્રોણ, કુળગુરુ કૃપાચાર્ય... જેવા અનેક મહાનચરિત્રોથી સભર છે. આ પ્રત્યેક પાત્રોની પોત-પોતાની આગવી વિશિષ્ટતા છે. જો આ મહાનપુરુષો અને તેમના જીવન પ્રસંગોને યથાર્થરૂપે સમજવામાં આવે તો તે સમજ આપણા જીવનમાં ખૂબ મદદરૂપ બની શકે છે.

આવા ઉમદા ઉદ્દેશ સાથે, આપણા પ્રિય અક્રમ યુથના આ મહિનાના અંકમાં મહાભારતના આવા વિરાટ પુરૂષોમાં સૌથી અગ્રેસર એવા પિતામહ ભીષ્મનો પરિચય કરાવવાનો અને તેમના જીવનના મુખ્ય પ્રસંગોને આવરી લેવાનો પ્રયાસ કર્યો છે.

તમને પ્રશ્ન થશે ભીષ્મ જ શા માટે ? મહાભારતની ગાથામાં તો બીજી પણ કેટલીય દિગ્ગજ પ્રતિભાઓ છે. પણ મિત્રો, જીવનના દરેક ક્ષેત્રમાં સફળતા માટે જરૂરી ગુણો ધરાવનાર વિરાટ વ્યક્તિત્વને કારણે ભીષ્મ પિતામહ અલગ જ તરી આવે છે. તેઓ કુરુ સામ્રાજયના એક અજેય યોદ્ધા, વિદ્વાન, કુશળ રાજનીતિજ્ઞ, સત્ય અને ધર્મના સમર્થક તેમજ અસંખ્ય અસામાન્ય શક્તિઓ ધરાવતા મજબૂત સ્તંભ સમાન છે.

આશા છે કે આવા વિવિધ ગુણસભર મહાપુરુષને સમર્પિત આ અંકનું વાંચન આપણા સૌ માટે રસપ્રદ અને રોમાંચક રહેશે, સાથે-સાથે જીવનમાં પણ પ્રેરણારૂપ બની રહેશે.

- ડિમ્પલભાઈ મેહતા

# ભીષ્મ પ્રતિજ્ઞા



યુવરાજ દેવવ્રત તેમની ભીષણ પ્રતિજ્ઞાને કારણે ભીષ્મ તરીકે પ્રખ્યાત થયા.

**''હું ગંગાપુત્ર દેવવ્રત, ચારે દિશાઓ, ધરતી અને આકાશને સાક્ષી માનીને આજે આ પ્રતિજ્ઞા કરું છું કે, હું આજીવન બ્રહ્મચારી રહીશ. જીવનભર વિવાહ નહિ કરું. વંશહીન જ જીવીશ અને વંશહીન જ મરીશ. આ મારી અખંડ પ્રતિજ્ઞા છે.''**

તેમણે આ પ્રતિજ્ઞા તો લઈ લીધી, પણ અટલભાવે તેને વળગી રહેવામાં કેવી કેવી ચેલેન્જ આવી ? નિષ્ઠાથી પ્રતિજ્ઞાપાલન માટે અસંખ્ય અપમાન સહન કરવા છતાં તેઓએ આપેલ વચન જવાબદારીપૂર્વક નિભાવી ઇતિહાસમાં અમર થઈ ગયા..

ચાલો જાણીએ, તેમના જીવનના બનેલા થોડા બોધદાયક પ્રસંગો*

## પ્રસંગ ૧

દેવવ્રત, જેઓ પોતાની ભીષ્મ પ્રતિજ્ઞાને કારણે ઈતિહાસમાં *'ભીષ્મ પિતામહ'* તરીકે પ્રચલિત થયા, તે શાંતનુ અને ગંગાના પુત્ર હતા. તેઓ જ્યારે હસ્તિનાપુર આવે છે, ત્યારે તેમના પિતા શાંતનુ સિવાય બધા ખુશ દેખાઈ રહ્યા છે. દેવવ્રત પોતાના પિતાના દુઃખનું કારણ શોધે છે. ખબર પડે છે કે પિતા શાંતનુ, સત્યવતી નામની એક મત્સ્ય કન્યાને પ્રેમ કરતા હોય છે અને તેની સાથે લગ્ન કરવા ઉત્સુક હોય છે. સત્યવતીના પિતા આ લગ્નની વિરુદ્ધ છે માટે દેવવ્રત તરત સત્યવતીના પિતાને મળવા જાય છે.

**દેવવ્રત :** હે નિષદરાજ ! હું આપની પાસે એક કામના લઈને આવ્યો છું કે, 'આપની પુત્રી સત્યવતીનો હાથ મારા પિતા શાંતનુને સોંપો અને તેઓને લગ્ન કરવાની પરવાનગી આપો.'

**પિતા :** હે ગંગાપુત્ર દેવવ્રત ! જો તમે મને ખાતરી આપતા હો કે સત્યવતીને રાજમાતાનું સન્માન મળશે અને મારી પુત્રીની કૂખે જન્મેલ પુત્ર જ હસ્તિનાપુરની ગાદીએ બેસશે તો જ હું લગ્નની પરવાનગી આપું. પરંતુ જ્યાં સુધી તમે હસ્તિનાપુરમાં છો, ત્યાં સુધી આ શક્ય નથી.

એક ક્ષણનો પણ વિલંબ કર્યા વિના દેવવ્રત ખાતરી આપતાં કહે છે...

**દેવવ્રત :** અમે બંને મારા પિતાના જીવનમાં રહીશું. સાંભળો નિષદરાજ ! જો આ જ કારણ હોય તો, હું ગંગાપુત્ર દેવવ્રત અત્યારે જ પ્રતિજ્ઞા લઉં છું કે, **હું આજીવન બ્રહ્મચર્યનું પાલન કરીશ અને હું આજીવન હસ્તિનાપુરની રાજગાદી પર નહીં બેસું.** મારા છેલ્લા શ્વાસ સુધી હસ્તિનાપુરની રાજગાદી પર બેઠેલા રાજાના સેનાપતિ બનીને બધી જવાબદારી નિભાવીશ.

## પ્રસંગ ૨



ત્યારબાદ સત્યવતીના પિતા રાજી થઈ લગ્નની પરવાનગી આપે છે. ગંગાપુત્ર દેવવ્રતની આવી ભીષ્મ પ્રતિજ્ઞાની ગહનતા અને મહાનતા જાણીને માતા સત્યવતી અને શાંતનુ દેવવ્રત પર ખૂબ રાજી થાય છે, પ્રસન્ન થઈ તેને 'ભીષ્મ' નામ આપે છે.

પરંતુ મનોમન દેવવ્રતે લીધેલ આ આકરી પ્રતિજ્ઞાને કારણે તેઓ ચિંતિત પણ હોય છે. જેથી તેઓ બંને એક દિવસ ભીષ્મને આ પ્રતિજ્ઞા તોડવા જણાવે છે.

**શાંતનુ અને સત્યવતી :** બેટા ભીષ્મ ! તારી ઈચ્છા મુજબ હવે તો થઈ ગયું છે. હવે આવી ભીષ્મ પ્રતિજ્ઞાની કોઈ જરૂર નથી, તું આ પ્રતિજ્ઞા તોડી દે.

**ભીષ્મ :** નહીં માતા, એ શક્ય નથી. **ગમે તેવા સંજોગો આવે તો પણ હવે આ પ્રતિજ્ઞા નહીં તૂટે.**

## પ્રસંગ ૩

વર્ષો પસાર થાય છે. સમય જતાં મહારાજ શાંતનુ મૃત્યુ પામે છે. તેમના બે સંતાનો -ચિત્રાંગદ અને વિચિત્રવિર્ય. મોટા પુત્ર ચિત્રાંગદનું પણ મૃત્યુ થાય છે. વિચિત્રવિર્ય ઘણો નાનો હોવાથી હવે ગાદીએ કોણ બેસશે તેવો પ્રશ્ન ઊભો થાય છે, ત્યારે પાછું દબાણ આવે છે.

**સત્યવતી :** ભીષ્મ, હવે મારી તને વિનંતી છે કે તું તારી પ્રતિજ્ઞા છોડી દે અને હસ્તિનાપુરની ગાદી સંભાળ.

**ભીષ્મ :** માતા, હું આપની વ્યથા સમજુ છું પરંતુ **એક વાર લીધેલી પ્રતિજ્ઞા હું નહીં તોડી શકું.** વિચિત્રવિર્ય મોટો થાય ત્યાં સુધી હું બધી જવાબદારી સંભાળીશ પણ આપણે વિચિત્રવીર્યને જ આ ગાદીનો હકદાર બનાવીશું, આજ્ઞા આપો માતા !

## પ્રસંગ ૪

ભીષ્મ, યોગ્ય સમયે વિચિત્રવિર્યને રાજગાદીએ બેસાડે છે. કાશી નરેશ, તેમની ત્રણ પુત્રીઓ અંબા, અંબિકા અને અંબાલિકાના સ્વયંવરમાં વિચિત્રવિર્યને આમંત્રણ નથી મોકલાવતા પણ માતાની ઈચ્છા એ ત્રણ પુત્રીઓ સાથે વિચિત્રવિર્યના લગ્ન કરાવવાની હોય છે. કાશી નરેશે કરેલા અપમાનનો બદલો લઈ માતાને રાજી કરવા ભીષ્મ ત્રણેય કન્યાઓનું હરણ કરી આવે છે.

ત્રણ કન્યાઓમાંની અંબા, મનોમન શાલ્વ રાજાને પોતાના પતિ માની ચૂકી હોય છે અને તે ખૂબ ક્રોધે ભરાય છે. તે ભીષ્મ સાથે બદલો લેવાનું નક્કી કરે છે. ભીષ્મના ગુરુ પરશુરામને પોતાની આપવીતી જણાવી મદદ કરવા કહે છે. ભીષ્મને કારણે અંબાની સાથે આવી ઘટના બની હોવાથી પરશુરામ ભીષ્મને બોલાવે છે અને આગળ .. ..



**પરશુરામ :** ભીષ્મ, તારા દુષ્કૃત્ય થકી અંબાની ખરાબ દશા થઈ છે, આજે હું તને આદેશ આપું છું કે તું પ્રતિજ્ઞા તોડીને અંબા સાથે લગ્ન કર અને જો તેવું ન કરવું હોય તો મારી સાથે યુદ્ધ કર.

**ભીષ્મ :** પ્રણામ ગુરુજી ! **હું આપના યુદ્ધના આહવાનને સ્વીકારું છું કારણ કે, હું મારા અંતિમ શ્વાસ સુધી મારી પ્રતિજ્ઞા નહીં છોડું.**

ભીષ્મ પોતાના ગુરુ પરશુરામ સાથે યુધ્ધ કરે છે પરંતુ તેમના પ્રણનો નિશ્ચય તોડતા નથી. આવી અતૂટ, અટલ, અડગ હતી ભીષ્મની પ્રતિજ્ઞા !

**ચાલો, જોઈએ દાદાજી દ્રઢ નિશ્ચય વિષે શું કહે છે?**



# **દ્રઢ નિશ્ચય,** પહોંચાડે પાર

**પ્રશ્નકર્તા :** નિશ્ચય કેવો કરવો જોઈએ ?

**દાદાશ્રી :** આપણે જે નિશ્ચય કર્યો હોય, તે ગામ જવાય. આત્મા અનંત શક્તિ સ્વરૂપ છે, તે શક્તિ પ્રગટ થઈ જાય. આત્મા એ નિશ્ચય સ્વરૂપ છે અને તમારો નિશ્ચય માંગે છે. ડગમગ ડગમગ ના ચાલે ! એક જ સ્ટ્રોંગ અભિપ્રાય, આખી જિંદગી ત્યાગ કરાવડાવે ! અભિપ્રાય સહેજ કાચો હોય તો શું થાય ? એમા કર્મના ઉદય આવે પછી માણસનું ચાલે નહીં, પછી સ્લીપ થઈ જાય. અરે, પૈણી હઉ જાય !

# અનુભવ

જય સચ્ચિદાનંદ...

બાળપણમાં હું ''મહાભારતનો'' મોટો ચાહક હતો. ખાસ કરીને તે દ્રશ્ય જ્યાં ભીષ્મ પિતામહ પ્રતિજ્ઞા લે છે. મહાભારતના આ પાત્રથી હું ખૂબ પ્રભાવિત થયો. મેં ભીષ્મને મારો આદર્શ માનીને તેમના જેવા શુદ્ધ બ્રહ્મચારી બનવાની ઈચ્છા રાખી, એક બ્રહ્મચારી તરીકે મારે એ કહેવું જ પડે કે, મારો બ્રહ્મચર્યનો નિશ્ચય સૌથી પહેલા ભીષ્મના પાત્રને જોઈને થયો હતો.

મારા અમુક બ્રહ્મચારી મિત્રો છે, તેમને પણ બ્રહ્મચર્યના માર્ગે ચાલવાની પ્રેરણા ભીષ્મના સંકલ્પને જોઈને મળી હતી! આજે તો, અનેક દાદાઈ યુવાનો નીરુમા અને પૂજ્યશ્રીના શીલને જોઈને આજીવન બ્રહ્મચર્યના ધ્યેય તરફ દ્રઢતા સાથે આગળ વધી રહ્યા છે!

ભીષ્મ એક રોલમોડેલ, સુપરહીરો હતા અને મારે તેમના જેવા થવું હતું. તેમને અનુસરીને હું ખરેખર એક વધુ સારો વ્યક્તિ બન્યો. ઉત્કૃષ્ટ ધ્યેય સાથેનો રાષ્ટ્ર પ્રેમ, દ્રઢ નિશ્ચય અને તેને પૂરો પાડવા અડગ પુરુષાર્થ જવલ્લે જ જોવા મળે. માતા-પિતાના વિનયમાં કેવી રીતે રહેવું ? દ્રઢતા અને સંકલ્પ સાથે કેવી રીતે બોલવું ? હંમેશાં બીજાના કલ્યાણ વિશે કેવી રીતે વિચારવું ? પોતાના આવા ઘણા સદ્‌ગુણોને કારણે તેઓ મારો આદર્શ ક્યારે બની ગયા ખબર જ ન પડી !

તેમની પોતાના **શિક્ષક પ્રત્યે વિનય** દર્શાવતી એક વાત તો મને ખૂબ જ સ્પર્શી ગઈ....

જ્યારે પરશુરામે ભીષ્મને પોતાની સાથે યુદ્ધ કરવા કહ્યું, ત્યારે તેઓ પરશુરામ પાસે ગયા અને આશીર્વાદ માંગ્યા. ગુરુ પરશુરામ તેમના વિનયથી એટલા પ્રભાવિત થયા કે તેમણે યુદ્ધમાં વિજયના આશીર્વાદ આપ્યા.

હે ભીષ્મ પિતામહ ! કેટલાય લોકો, ખાસ કરીને બ્રહ્મચારીઓ માટે તમે જે પ્રેરણારૂપ થયા, તે માટે તમારો ખૂબ-ખૂબ આભાર. કહેવું જ પડે, નિશ્ચય હો તો ભીષ્મ પિતામહ જેવો હો જો !

સંસ્કૃતમાં, **ભીષ્મ** શબ્દનો અર્થ છે *'જે એક કઠોર વ્રત લે છે અને તેને પૂર્ણ કરે છે'.*

તેમના અન્ય નામો -

**દેવવ્રત** - ભીષ્મનું મૂળ નામ, જેનો અર્થ થાય છે 'જે દેવતાઓને સમર્પિત છે'.

**પિતામહ** - દાદા (પાંડવો અને કૌરવો તેમને ભીષ્મ પિતામહ કહેતા).

**શાન્તનવ** - શાંતનુનો પુત્ર, પિતા માટે બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા લીધી હોવાથી તેમનું આ નામ પડ્યું.

**શ્વેતવીર** - એક શ્વેત યોદ્ધા, જે સફેદ અને શૂરવીર છે અને જેમના બધા શસ્ત્રો સફેદ રંગના છે.


**અષ્ટ વસુ** - જે મૂળરૂપે પાછલા જીવનમાં દેવતાઓ છે.


**ગંગાપુત્ર/ગાંગેય** - ગંગાનો પુત્ર.

**ગંગાદત્ત** - ગંગા દ્વારા અપાયેલ નામ.

**ભરતવંશી** - ભરતનો વંશજ.

**ગૌરાંગ** - ઉત્તમ શરીરધારી.





અખંડ શુદ્ધ
બ્રહ્મચર્યને કારણે
ફીઝિકલી અને
મેન્ટલી એમનું
વ્યક્તિત્વ ખૂબ સ્ટ્રોંગ
મનોબળવાળું હતું.

# બ્રહ્મચર્યનો પ્રતાપ

આપણે જે ખોરાક લઈએ છીએ, તેનું લોહી થાય છે. લોહીની સાત ધાતુઓ બને છે, એમાંથી પછી છેવટે છેલ્લામાં છેલ્લું વીર્ય થાય. આમ, ખોરાક ખાધાનો સાર વીર્ય કહેવાય. જગતની સર્વ ચીજો અધોગામી છે. વીર્ય એકલું જ જો ધારે તો ઊર્ધ્વગામી થઈ શકે. વીર્યના પરમાણુ સૂક્ષ્મરૂપે ઓજસમાં પરિણામ પામે છે. નિશ્ચય કર્યા પછી મોઢા પર તેજ આવતું જાય, મનોબળ વધતું જાય, વાણી ફર્સ્ટ ક્લાસ નીકળે. વાણી મીઠાશવાળી હોય. વર્તન મીઠાશવાળું હોય. તેનાથી દેહ, મન બધું સારું રહે. એટલે એક છ જ મહિના જેને પાળવું હોય તે પાળે ! છ મહિનાના બ્રહ્મચર્યથી તો શરીરમાં કેટલો બધો ફેરફાર થઈ જાય ! પછી વાણી બોલે તે આમ બોમ્બ પડે એવી નીકળે !

સ્ટ્રોંગ બ્રહ્મચર્યને કારણે ભીષ્મ પિતામહ વધતી વય સાથે વધુને વધુ શક્તિશાળી થતા ગયા, હસ્તિનાપુરની ગાદી સંભાળવાના પોતાના ધ્યેયને નિષ્ઠાથી વળગી શક્યા હતા. મહાભારતના યુદ્ધમાં પહેલા ૧૦ દિવસ સુધી તો તેમના શૌર્યની જ ચર્ચાઓ થતી રહી! વયોવૃદ્ધ હોવા છતાં તેજવાન, શક્તિવાન હતા, રોજ પાંડવોના ૧૦ હજાર સૈનિકોનો સંહાર કરતા, તેમને કોઈ હરાવી નહોતું શકતું!

પિતા શાંતાનુએ ભીષ્મને ઈચ્છામૃત્યુનું વરદાન આપ્યું હતું. યુદ્ધના ૧૦મા દિવસે ભીષ્મનું આખું શરીર બાણોના વરસાદથી ભરાઈ ગયું હતું. બાણશૈય્યા પર તેમની અંતિમ ઈચ્છા હસ્તિનાપુરને સુરક્ષિત જોવાની હતી. અખંડ શુદ્ધ બ્રહ્મચર્યને કારણે ફીઝિકલી અને મેન્ટલી એમનું વ્યક્તિત્વ ખૂબ સ્ટ્રોંગ મનોબળવાળું હતું. ઘણા સમય સુધી બાણશૈય્યાની પીડા સહન કરતાં રહ્યા અને જ્યારે યુધિષ્ઠિર હસ્તિનાપુરના રાજા બન્યા, હસ્તિનાપુર સુરક્ષિત હાથોમાં દેખાયું ત્યારબાદ સંપૂર્ણ સંતોષ સાથે ઈચ્છામૃત્યુના વરદાનથી દેહત્યાગ કર્યો.

# ભીષ્મના ગુરુઓ

માતા ગંગા, દેવવ્રતને વિવિધ ક્ષેત્રોમાં લઈ ગયા હતા, જ્યાં તેમનો ઉછેર અને તાલીમ ઘણા પ્રખ્યાત ઋષિઓ દ્વારા થઈ હતી.


## બૃહસ્પતિ

દેવગુરુ હતા, તેમણે દેવવ્રતને રાજાનું કર્તવ્ય, રાજનીતિ અને બીજા શાસ્ત્રો શીખવ્યા.



## શુક્રાચાર્ય

અસુરોના ગુરુ હતા, તેમણે દેવવ્રતને રાજનીતિ અને જ્ઞાનની બીજી શાખાઓ શીખવી.



## બ્રહ્મર્ષિ વશિષ્ઠ ઋષિ અને ભૃગુ ઋષિના પુત્ર ચ્યવન

તેમણે દેવવ્રતને વેદો અને વેદાંગો શીખવ્યા.









## સનતકુમાર

દેવવ્રતને માનસિક અને આધ્યાત્મિક વિજ્ઞાન શીખવ્યા.




## માર્કન્ડેય

દેવવ્રતને સાધુજીવનના કર્તવ્યો શીખવ્યા.



## પરશુરામ

ભીષ્મને યુદ્ધની તાલીમ આપી હતી.



## ઈન્દ્ર

દેવોના રાજા, તેમણે ભીષ્મને દિવ્ય અસ્ત્રો આપ્યા હતા.

# નંદિની ગાયની ચોરીનું કર્મફળ

ઋષિ વશિષ્ઠ, વરુણદેવના પુત્ર હતા. તેમનો આશ્રમ મેરુ પર્વત પર હતો. હંમેશા લીલોછમ અને પશુપક્ષીઓથી ભરેલા મેરુ પર્વત પર તેઓ તેમની તપસ્યામાં મગ્ન રહેતા. તેમની પાસે એક નંદિની નામની દિવ્ય ગાય હતી, જે ધર્મકાર્યો અને તપશ્ચર્યાના હેતુ માટેની કોઈ પણ ઈચ્છા પૂરી કરી શકતી. વશિષ્ઠ ઋષિની સુરક્ષા હેઠળ નંદિની, મુક્ત અને નિર્ભયપણે તે જંગલોની આસપાસ ફરતી રહેતી.

એક દિવસ, આઠ વસુઓ તેમની પત્નીઓ સહિત આ જંગલમાં ઉતર્યા. જયારે તેઓ ભવ્ય જંગલની પ્રશંસા કરતા આસપાસ ભટકતા હતા, ત્યારે દ્યુ નામના વસુની પત્નીની નજર નંદિની પર અટકી ગઈ. શુભ લક્ષણો અને ચિહ્નો સાથેના વિશેષ દેહ બંધારણવાળી ગાય જોઈને તેના વિષે વધુ જાણવાની ઈચ્છા થઈ. દ્યુએ પોતાની પત્નીને જણાવ્યું કે, જેણે પણ નંદિનીનું મીઠું દૂધ પીધું હોય, તે દસ હજાર વર્ષ સુધી યુવાન રહે છે. આ સાંભળીને તેણે તુરંત જ તેના પતિને આ ગાય મેળવવા માટે જીદભરી વિનંતી કરી.

નંદિની ગાય ઋષિ વશિષ્ઠની સેવામાં છે તે જાણવા છતાં, દ્યુ પોતાની પત્નીની વિનંતીથી પૂરા પીગળી ગયા. પત્નીને રાજી કરવા ભાઈઓની મદદ લઈ બધાએ સાથે મળીને ગાયની ચોરી કરી. પોતાની પત્નીના પ્રેમમાં વશ થઈને ઋષિની ગાયની ચોરી તો કરી લીધી, પણ આ પાપના સંભવિત પરિણામોને તે ભૂલી ગયો હતો.

**આ ગુનો પોતાની પત્નીની ઘેલછા પૂરી કરવા માટે કર્યો હોવાથી તે સ્ત્રી સંગ અને સંતાનથી વંચિત રહેશે પરંતુ બધી રીતે ખૂબ જ સજ્જન અને ઉમદા વ્યક્તિ હશે,**



સાંજે જયારે વશિષ્ઠ ઋષિ પોતાના આશ્રમમાં પાછા ફર્યા ત્યારે તેમને ગાય જોવા ન મળી. પોતાની અલૌકિક દૃષ્ટિથી તેમણે જાણ્યું કે વસુઓએ તેમની નંદિની ગાયની ચોરી કરી હતી. ક્રોધાવેશમાં, તેમણે વસુઓને શ્રાપ આપ્યો કે, તેમના પાપનું પ્રાયશ્ચિત કરવા માટે તેમણે પૃથ્વી પર જન્મ લેવો પડશે.

વસુઓને શ્રાપની ખબર પડતાં જ તેઓ ઋષિ વશિષ્ઠને ઠંડા પાડવાનો પ્રયત્ન કરવા દોડી આવ્યા. ઘણા પ્રયત્નો પછી ઋષિ હળવા પડ્યા. તેમણે શ્રાપને હળવો કરતાં કહ્યું, 'પૃથ્વી પર તેમના જન્મના એક વર્ષમાં જ આઠમાંથી સાત વસુઓ નશ્વર જીવનથી મુક્તિ પામશે, પરંતુ મુખ્ય ગુનેગાર દ્યુ માટે તેમનો શ્રાપ યથાવત રહેશે.' ઋષિએ કહ્યું, 'દ્યુએ લાંબા સમય માટે પૃથ્વી પર રહેવું પડશે. આ ગુનો પોતાની પત્નીની ઘેલછા પૂરી કરવા માટે કર્યો હોવાથી તે સ્ત્રી સંગ અને સંતાનથી વંચિત રહેશે પરંતુ બધી રીતે ખૂબ જ સજ્જન અને ઉમદા વ્યક્તિ હશે, ખૂબ નામના પામશે.'

આમ ગંગાના પ્રથમ સાત પુત્રો, સાત વસુ હતા જેમને જન્મ બાદ તરત જ નશ્વર જીવનમાંથી છુટકારો મળી ગયો. જે આઠમો પુત્ર દ્યુનો પુનર્જન્મ હતો, તેને દેવવ્રત ગંગાપુત્ર ભીષ્મ તરીકે લાંબા સમય સુધી પૃથ્વી પર રહીને નંદિની ગાયની ચોરીનું કર્મફળ ભોગવવું પડ્યું.


ચાલો, જોઈએ ચોરી વિષે પૂજ્યશ્રી શું કહે છે....



# જ્ઞાની વિથ યુથ

**પ્રશ્નકર્તા :** પૂજ્યશ્રી, ચોરી કરવાનું શું ફળ મળે ? અને કોઈ વખત ચોરી થઈ ગઈ હોય તો એમાંથી કેવી રીતે નીકળવાનું ?

**પૂજ્યશ્રી :** આમાં કેવું છે, જ્યારે કોઈનું નુકસાન કરીએ છીએ ને ત્યારે આપણે ખરેખર પોતાનું જ નુકસાન કરીએ છીએ. જ્યારે નુકસાન થાય ત્યારે કહે મારા જીવનમાં કેમ આવું બન્યું ? પણ ગુના કર્યા હોય તો દંડ આવે પછી. દાદા ભગવાન શીખવાડે છે કે મન-વચન-કાયાથી જે ચોરી કરેને એના જીવનમાં લક્ષ્મીની મહેરબાની જતી રહે. આ ભવમાં કદાચ ન જતી રહે કારણ કે, ગયા ભવનું પુણ્ય આ ભવમાં મળી જશે. પણ આજે ખુશ થઈને ચોરી કરી તેને આવતા ભવમાં મોટી ખોટ જશે. આજે કેટલા લોકોને નોકરીના ઠેકાણા નથી, ધંધામાં બરકત નથી આવતી, કારણ આવા ગુના કર્યા છે.



એટલે નવું નક્કી કરી નાંખવાનું કે મન-વચન-કાયાથી ચોરી કરવી નથી, કોઈને છેતરવા નથી, કોઈનું નુકસાન કરવું નથી, ભલે ઓછી આવક આવે કે ઓછું ખાવા-પીવાનું, તોય આ નવા ગુના નથી કરવા. તો પછી ધીમે ધીમે ધંધામાં ને કામકાજમાં બરકત આવ્યા કરે, સમજાય ને ? જે બધાનું નુકસાન કરે છે, મફતના પૈસા મેળવે છે, એ પછી ટકતા નથી.

**પ્રશ્નકર્તા :** હેકર થઈને કોમ્પ્યુટરથી બેંકના ખાતામાંથી પૈસા કાઢે એનું શું ફળ આવે ?

**પૂજ્યશ્રી :** જે બરફની ચોરી કરી લાવ્યા હોય રસ્તામાંથી, તે બરફ ટકે ખરો ? બરફ ઓગળી જાય, ચોરીનો ગુનો ચઢે. તે માર પડે બરોબરનો પછી ! એટલે આ બધા ખોટી રીતે પૈસા પડાવે છે, હેકર થઈને કોમ્પ્યુટરથી બેંકના ખાતામાંથી પૈસા કાઢે, પેલાને કેટલું દુઃખ થાય ? બિચારાએ મહેનત કરીને પૈસા સેવિંગમાં મૂક્યા હોય, ને પેલો છેતરપીંડી કરીને એના પૈસા ઉપાડી લે ! આખી જિંદગીની મૂડી એની હોય અને આપણે ખોટી રીતે ચોરી લઈએ, કેટલું મોટું નુકસાન થશે ? માટે નક્કી કરો, જિંદગીમાં ખોટા કામ કરવા નથી અને ભૂલમાં થઈ જાય તો બહુ પસ્તાવા લેવા છે. કદાચ સો-બસો-પાંચસોની ચોરી કરી હોય તેટલા ડબલ ઉમેરીને ધર્માદા કરી નાખો અથવા તો મૂળ વ્યક્તિને પાછું પહોંચાડી દો કે, 'ભાઈ, આ ગિફ્ટ મારા તરફથી', આ બહુ મોટો ગુનો છે.

જે ખોટી રીતે ચોરીઓ કરીને મજા કરે છે એને બીજે ભવ જાનવરમાં જવું પડે ને ખાવાના ઠેકાણા ન પડે અથવા તો મનુષ્યમાં, તો નોકરી-ધંધાના ઠેકાણા ન હોય અને બહુ દુઃખો પડે. સમજાય ને ?




માટે નક્કી કરો, જિંદગીમાં ખોટા કામ કરવા નથી અને ભૂલમાં થઈ જાય તો બહુ પસ્તાવા લેવા છે. કદાચ સો-બસો-પાંચસોની ચોરી કરી હોય તેટલા ડબલ ઉમેરીને ધર્માદા કરી નાખો અથવા તો મૂળ વ્યક્તિને પાછું પહોંચાડી દો કે 'ભઈ આ ગીફ્ટ મારા તરફથી,' આ બહુ મોટો ગુનો છે.



# ભોગવવું

## તો પડશે જ...



પોતાની આગવી આંતરિક સુઝને કારણે ભીષ્મ, શ્રી કૃષ્ણ ભગવાનને સાચા સ્વરૂપે ઓળખી શક્યા હતા. યુદ્ધ ક્ષેત્રમાં બાણશૈય્યા પર સૂતેલા ભીષ્મને જ્યારે શ્રી કૃષ્ણ મળવા આવ્યા, ત્યારે તેમણે શ્રી કૃષ્ણને પૂછ્યું..


**ભીષ્મ:** મારા ક્યા પાપકર્મના ફળ સ્વરૂપે મારે આ બાણશૈય્યા પર સુવાનું આવ્યું ?

**શ્રીકૃષ્ણ:** તમારા છેલ્લા ૧૦ જન્મોથી પહેલાના જન્મમાં તમે એક રાજકુમાર હતા અને ઘોડા ઉપર એક વનથી બીજા વનમાં ફરતા રહેતા હતા. એક દિવસ જ્યારે તમે આવી રીતે વનમાં ફરતા હતા, ત્યારે તમારા રસ્તાની આડે એક સાપ પડેલો હતો. તમે વધારે વિચાર્યા વગર તે સાપને ઉપાડીને દૂર ફેંક્યો, તે બિચારો કાંટાની ઝાડીમાં પડ્યો અને જેમ તેમાંથી બહાર નીકળવા માટે પ્રયત્નો કરવા લાગ્યો, તેમ કાંટા વધુને વધુ તેના શરીરમાં ભરાતા ગયા. સતત પીડા ભોગવી રહેલા સાપનું પછી મૃત્યુ થયું. સાપને મૃત્યુ સમયે વેદનાનું અતિશય દુઃખ ભોગવવું પડ્યું. તે કર્મફળના પ્રતાપે તમારે અંતિમ સમયે બાણશૈય્યાની વેદનાનું દુઃખ ભોગવવાનું આવ્યું છે.

**કર્મફળના સિદ્ધાંત મુજબ જાણતા-અજાણતા કોઈને પણ અપાયેલ દુઃખનું પરિણામ તો ભોગવવું જ પડે છે..**

# અક્રમપીડિયા

**નામ : આયુષ મહેતા**
**ઉંમર : ૨૧ વર્ષ**



‘મેં મારા જીવનમાં જેવી ભૂલો કરી છે, એવી ભૂલો તું નહીં કરતો.’ સાંભળ, હું એક પરાજિત યોદ્ધા છું.

આયુષ ટીવી ઓન કરે છે તે વખતે મહાભારતનો લાસ્ટ સીન આવતો હોય છે. જેમાં ભીષ્મ પિતામહ બાણશૈય્યા પર અંતિમ શ્વાસ લઈ રહ્યા છે અને યુધિષ્ઠિરને પોતાના જીવનમાંથી બોધ શીખવા જણાવે છે.

**પિતામહ ભીષ્મ:** યુધિષ્ઠિર હવે મારો પ્રાણ છોડવાનો સમય આવી ગયો છે, ત્યારે મારે તને એટલું જ કહેવું છે કે, ‘મેં મારા જીવનમાં જેવી ભૂલો કરી છે, એવી ભૂલો તું નહીં કરતો.’ સાંભળ, હું એક પરાજિત યોદ્ધા છું.

યુધિષ્ઠિર ! દેશથી મોટું કશું નથી. મારી જ પ્રતિજ્ઞા મને મારા દેશથી દૂર લઈ ગઈ. આ પ્રતિજ્ઞાથી હું દેશદ્રોહ તરફ વળ્યો. હસ્તિનાપુરનું વિભાજન થયું તેનું કારણ પણ હું જ છું. મને વાગેલું દરેક બાણ મને કહે છે કે ‘આ દુ:ખને ઓળખ. હું એક એવો ક્ષત્રિય છું કે જે પ્રતિજ્ઞાનો દાસ બનીને રહી ગયો.’ જેથી યુધિષ્ઠિર ! એવી કોઈ પ્રતિજ્ઞા ન કરતો કે જે તારી સામે કટાર બનીને ઊભી રહે તને દેશથી અલગ કરે. **દેશ રાજા માટે નથી, રાજા દેશ માટે છે, તે યાદ રાખજે.**

હે સમ્રાટ યુધિષ્ઠિર ! ધર્મ, વિધિઓ અને ઔપચારિકતાને આધીન નથી. ધર્મ તો આપણું કર્તવ્ય અને બીજાઓના અધિકારોનું સંતુલન કરવામાં છે. ધર્મનું પાલન કરજે. રાજાની ફરજ નાગરિકની ફરજ કરતાં વધારે ઊંચી છે. તું દેશનું વિભાજન ન થવા દેતો. જેવું મારાથી થયું છે તેવું તું ન કરતો. નારીઓનું સન્માન કરજે. નાગરિકોનું રક્ષણ કરજે.

આયુષ આખો જ સંવાદ સાંભળે છે. પરંતુ તેને પ્રશ્ન થાય છે કે, પોતાનાં જીવનમાં શું ન કરવું એ કહેવું કેટલું અઘરું છે ? આવી કેવી આલોચના !

પછી તે નીરુમાએ સત્સંગમાં કહેલું આલોચનાનું મહત્ત્વ વાંચે છે, સાથે-સાથે મૃત્યુ સમયે પ્રતિક્રમણનું મહત્ત્વ બતાવતો નીરુમાનો એક વિડિયો પણ જોયો...




**નીરુમા:** બોલો, મરતાં-મરતાં પણ એને આવી ભાવના થઈ, કેટલી મોટી વસ્તુ છે ? પોતાના દોષો આખી જિંદગીમાં ગમે તેટલા થયા હોય, પણ મરતાં પહેલા એક કલાક પણ સાચા હૃદયથી આલોચના-પ્રતિક્રમણ- પ્રત્યાખ્યાન કરે તો, અંદરની આખી પરિણતિ બદલાઈ શકે છે. કરેલા બધા જ પાપો ધોવાઈ શકે છે. મૃત્યુ પહેલાં સંસારના બધા મોહ ખસી ગયા હોય છે, ત્યારે આત્મશક્તિ જબરજસ્ત પાવરમાં આવી હોય છે, ખૂબ શક્તિ કામ કરી શકે એમ છે. એટલે અમે તો ઘણા બધાને કહેતા હતા અને કહીએ છીએ કે ભાઈ ગમે ત્યારે, મૃત્યુ સમયે તો આખા જિંદગીનું સરવૈયું કાઢી નાંખજો અને જે કંઈ પાપ થયા હોય, તે ઘડીએ બધાના હૃદયથી પશ્ચાતાપ કરી અને ધોઈ નાખજો, નહીં તો આ તો આના આ જ કેરી ફોરવર્ડ થશે અને આપણી અધોગતિ થશે. અને આ તો પશ્ચાતાપથી અંદરની પરિણતિ આખી બદલાઈ જાય છે અને ઉર્ધ્વગતિ થાય છે. ખૂન કરી નાખ્યું હોય, છતાં પણ પશ્ચાતાપ કરે તો દેવગતિમાં જાય છે.

નીરુમાનો વિડીયો જોયા બાદ આયુષને ભીષ્મ પિતામહની આલોચનાની ગહનતા સમજાઈ.

**તે મનોમન ખૂબ ધન્યતા અનુભવવા લાગ્યો કે, આપણને દાદાશ્રીએ અક્રમ વિજ્ઞાનના માધ્યમથી ભવોભવની ભટકામણથી છૂટવા પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન અને આલોચનાના અચૂક પરિણામ આપતાં કેવા સુંદર અને સરળ રસ્તા બતાવ્યા છે !**

# Puzzle



| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ક | ગ | ભા | પિ | મ | બં | ઈ | કા | વ | સુ | ક | ત |
| લી | ર | તૃ | પ્રા | રા | કુ | ચ્છા | બા | ધ | બા | પ | ભો |
| દ | ભ | ડી | ક | તુ | ઈ | મૃ | કા | બં | ણ | સ | પિ |
| ક્તિ | ળ | કા | બા | કા | ચા | ત્યુ | રા | તી | શૈ | ગ | તા |
| અ | ધ | લી | ઓ | હ | સ્તિ | ના | પુ | ર | ય્યા | ર | મ |
| નં | મા | નુ | ક | રા | ર | વ | ક | ની | નિ | દા | હ |
| ત | મા | કા | ર્ધા | લી | એ | ગી | વિ | જ | દ | શ્ચ | કુ |
| વિ | બ્ર | ધ | ન | રી | પુ | ક | પ્ર | ન | બિ | બં | ય |
| જ | હ્મ | ક્રો | ગ | ચી | પ્ર | ણે | મ | ભી | ય | તી | ળ |
| ય | ચ | કા | મ | આ | પ્ર | તિ | ડી | ડી | ષ્મ | ક | ણ |
| બ | ર્ય | ધ | ચી | છી | કા | ક | જ્ઞા | મ | હા | ર | થી |
| દે | વ | વ્ર | ત | ર | દ | વા | ર | ગં | ગા | પુ | ત્ર |

૧ પ્રતિજ્ઞા
૨ બ્રહ્મચર્ય
૩ તપ
૪ વિનય
૫ ઈચ્છામૃત્યુ
૬ પિતૃભક્તિ
૭ નિશ્ચય
૮ ધનુર્ધારી
૯ મહારથી
૧૦ દેવવ્રત
૧૧ હસ્તિનાપુર
૧૨ પિતામહ
૧૩ ગંગાપુત્ર
૧૪ ભીષ્મ
૧૫ વસુ
૧૬ અનંતવિજય
૧૭ બાણશૈય્યા

# #કવિતા

પૂર્વે ભરતવર્ષે થઈ ગયા, એક વીર યોદ્ધા  મહાન...
સૂર્ય લઈ શોધતા પણ, કોઈ ન મળે ભીષ્મ સમાન...

જેમની પ્રતિજ્ઞા આજેય, દ્રઢ નિશ્ચયનું  પ્રતીક છે...
જેમણે દેખાડ્યું, શીલ સાચવનારો અતિ ધનીક છે...

જીવન જેમનું, નિઃસ્વાર્થ કર્મ ને કર્મફળની કથા છે...
ઈતિહાસમાં એક જ વાર, લખાયેલી શૌર્યગાથા છે...

સુવર્ણ જેવું સત્ હોવા છતાં, જીવન જેમનું સંઘર્ષ છે...
ખુદનો ક્યારેય વિચાર નહીં, ને રાજ્યનું હિત પ્રથમ છે...

નીતિ-મતિ-વિવેક-વિનય જેવા, સદ્ગુણોની જે પોથી છે...
છતાં એમનું આખું જીવન, પશ્ચાતાપે બળતી જ્યોતિ છે...

શીખવા જેવી શીખ છે, જે પોતે વાંચવા જેવું શાસ્ત્ર છે...
સદ્ગુણોની શૈયા પર સૂતું, ઈતિહાસે અનન્ય આ પાત્ર છે.

દાદાના યુવાનો દ્વારા

વર્ષ: ૯, અંક : ૪
સળંગ અંક : ૧૦૦
ઓગસ્ટ ૨૦૨૧

Date of Publication 22nd of every month
RNI No. GUJGUJ/2013/53113
Reg. No. G-GNR-310/ valid upto 31.12.2022
Licensed to Post without Pre-payment
No. PMG/HQ/104/2020-2022
valid upto 31.12.2022
Posted at Adalaj Post Office on
22nd of every month




# For a Surprise gift

**Visit : www.AkramYouth.org Before 30th September 2021**

Solve the Quiz. Lucky winners will get free gifts.

## અક્રમ યુથના સભ્યો માટે સૂચના

**૧.** આપનું લવાજમ પૂરું ક્યારે થાય છે, તે કઈ રીતે જાણશો ? આપના આવેલ અક્રમયુથના કવરના એડ્રેસ લેબલ પરના મેમ્બરશીપ નંબરના છેલ્લા છ અંક તપાસો. દા.ત. YGFT555/08-2028 એટલે તમારું લવાજમ ઓગષ્ટ - ૨૦૨૮માં પૂરું થાય છે. અક્રમયુથ રિન્યુઅલની વિગત (લવાજમ અને સંપર્કસૂત્ર) 'સંપાદકીય' પેજ પર આપેલ છે.

**૨.** જો આપને કોઈ મહિનાનું અક્રમયુથ ન મળે તો ફોન નં. 8155007500 પર નીચેની વિગતો **SMS** કરવો.
૧) કાચી પાવતી નંબર અથવા ID NO. 2) પાકુ એડ્રેસ-પીન કોડ સહિત 3) જે મહિનાનું મૅગેઝિન નથી મળ્યું એ મહિનો.

**Send your suggestions and feedback at: akramyouth@dadabhagwan.org**
**Printed and Published by Dimple Mehta on behalf of Mahavideh Foundation-Owner.**
**Printed at : Amba Offset, B-99, GIDC, Sector-25, Gandhinagar – 382025.**